કો.સેલ.

વડોદરા જિલ્લામાં ગ્રાન્ટ-ઇન-એઇડ ધોરણે સ્વૈચ્છિક ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવાની નવી બાબતનો રૂ.૦.૫૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૦૨૦૧૮/૬૯૫૨૮/નબા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૫/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૮/૦૩/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ- સસુખા/યજન/નવીબાબત/૧૭-૧૮/૨૭૪

પ્રસ્તાવનાઃ-

વડોદરા જિલ્લામાં ગ્રાન્ટ-ઇન-એઇડ ધોરણે સ્વૈચ્છિક ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં કુલ અંદાજીત રકમ રૂ.૦.૫૦/- લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના વંચાણે લીધેલા ક્રમાંકઃ- (૧) પરના તા.૦૮/૦૩/૨૦૧૮ ના પત્રથી વડોદરા જિલ્લામાં છોકરીઓ માટે ચિલ્ડ્રન હોમ કાર્યરત ન હોઇ, ૦ થી ૧૮ વર્ષની કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળી છોકરીઓ માટે આઇ.સી.પી.એસ. હેઠળ ગ્રાન્ટ-ઇન-એઇડ ધોરણે સ્વૈચ્છિક ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા માટે રૂ.૦.૫૦/- લાખનો ખર્ચ કરવા અંગે વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ- (૧) પરના તા.૦૮/૦૩/૨૦૧૮ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વર્ષ ૨૦૧૮-૧૯ની બજેટ બુકમાં પાના નં- ૧૨૮ ઉપર સદરહુ બાબતે ખર્ચ કરવાની નવી બાબત તરીકે થયેલ જોગવાઇ ધ્યાને લઇ વડોદરા જિલ્લામાં ગ્રાન્ટ-ઇન-એઇડ ધોરણે સ્વૈચ્છિક ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા માટે રાજય સરકારના ફાળાની રકમ પેટે રૂ.૦.૫૦/- લાખનો ખર્ચ કરવાની નીચેના મહેકમની વિગતે તેમજ શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ટેબલ-૧ ૫૦ બાળકોની સંસ્થા માટે કર્મચારીગણ નીચે મુજબ હશે.

| ક્રમ | કર્મચારી ગણનો હોદ્દો | સંખ્યા | માસિક વેતન રૂ. | વાર્ષિક અંદાજ ખર્ચ (રૂપિયા) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ઓફિસર ઇન્ચાર્જ/સુપ્રિટેન્ડેન્ટ (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૨૫,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| ૨ | કાઉન્સેલર(૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૧૭,૫૦૦ | ૨,૧૦,૦૦૦ |
| ૩ | પ્રોબેશન ઓફિસર/બાળ કલ્યાણ અધિકારી/કેસવર્કર(૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૧૩,૦૦૦ | ૧,૫૬,૦૦૦ |
| ૪ | ગૃહપતિ/ગૃહમાતા(૧૧ માસ કરાર આધારીત) | ૨ | ૧૧,૦૦૦ | ૨,૬૪,૦૦૦ |
| ૫ | સહાયક તબીબી કર્મચારી (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૯,૦૦૦ | ૧,૦૮,૦૦૦ |
| ૬ | સ્ટોર કિપર સહ હિસાબનીશ (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૧૪,૦૦૦ | ૧,૬૮,૦૦૦ |
| ૭ | રસોયા (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૭,૫૦૦ | ૯૦,૦૦૦ |
| ૮ | હેલ્પર (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૬૦૦૦ | ૭૨,૦૦૦ |
| ૯ | હાઉસ કિપર (૧૧ માસ કરાર આધારીત) | ૧ | ૬૦૦૦ | ૭૨,૦૦૦ |
| ૧૦ | તાલીમ આપનાર (સ્વૈચ્છિક/પાર્ટ ટાઇમ) | | રાજ્ય સરકારની અન્ય વિભાગોની યોજનાઓ સાથે સંકલન કરી/ સિવિલ સોસાયટી/ આઉટ સોર્સિંગથીસેવાઓ લેવાની રહેશે, અને સંકલન શક્ય ન નહોય ત્યાં ઇન્ટીગ્રેટેડચાઇલ્ડપ્રોટેકશન સ્કીમ (ICPS) હેઠળ રાજ્યોને આપવામાં આવતા યુનાઇટેડ/ ફલેક્ષીફંડમાંથી આનો ઉપયોગ કરવાની જોગવાઇ છે. | |
| ૧૧ | તબીબી (સ્વૈચ્છિક/પાર્ટ ટાઇમ) | | | |
| ૧૨ | આર્ટ/કાફ્ટ/સંગીત શિક્ષક (સ્વૈચ્છિક/પાર્ટ ટાઇમ) | | | |
| ૧૩ | કસરત શિક્ષક કમ યોગ શિક્ષક (સ્વૈચ્છિક/પાર્ટ ટાઇમ) | | | |
| | કુલ | ૧૪ | | ૧૪,૪૦,૦૦૦ |

શરતો :-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણા વિભાગ દ્વારા વખતો - વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતીથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાઓના નોમ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરાવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળનાર ફાળાની રકમ સમય મર્યાદામાં મેળવી લેવાની કાળજી રાખવાની રહેશે અને યોજનાના અમલ સંદર્ભે ભારત સરકારની મંજુરી મેળવ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં.૯૨ (CSS)

૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨ – સમાજ કલ્યાણ

૧૦૨ – બાળ કલ્યાણ

૦૩- એસ.એસ.ડબલ્યુ. - ૪ સંકલિત બાળ સુરક્ષા યોજના

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૬/૦૩/૨૦૧૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ